આવ્યા તારીખ:- ૧૫/૧૦/૨૦૨૨
દાખલ તારીખ:- ૧૫/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ:- ૧૭/૦૩/૨૦૨૩
સમયગાળો:- Y M D

**મહે.લાઠીના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.લાઠી.**

**ફો.પ.અ.નં.** ૬૭ /**૨** ૦૨૨
આંક-

અરજદાર:- કાકડીયા શાંતાબેન મોહનભાઇ,
ઉ.વ. પુખ્ત , ધંધો: ઘરકામ
રહે. ઇંગોરાળા, તા. લાઠી, જી અમરેલી (હાલ : અમદાવાદ)

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રી,
મુ.ઇંગોરાળા, તા. લાઠી, જી.અમરેલી.

અરજદાર તરફે વિ.વ.શ્રી **જી. સી. કોટડીયા**

**-: હુ ક મ :-**

૧. અરજદારે જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) અન્વયે હાલની અરજી રજુ કરી એવી રજુઆત કરેલ છે કે અરજદાર ઉપરોક્ત મુકામે રહે છે. **અરજદારની પુત્રી કાકડીયા રસીલાબેન મોહનભાઇનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ અરજદારના ઘરે ઇંગોરાળા** મુકામે થયેલ. પરંતુ શરતચુકના કારણે જે તે સમયે સદરહુ જન્મ અંગેની નોંધ આ કામના સામાવાળાના દફતરે કરાવવાનું રહી ગયેલ છે. અરજદારને સદરહું સંતાનની જન્મનોંધ સરકારી - અર્ધ સરકારી તેમજ પાસપોર્ટ વિઝાના કામે રજુ કરવા માટે જરૂર પડેલ હોય. જેથી અરજદારે હાલની અરજી કરેલ છે.

૨. અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ કરેલ છે. તેમજ સામાવાળા આંક- **૬** થી સામાવાળાને તપાસેલા છે. તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે તેઓ **ઇંગોરાળા** ગામે તલાટી કમ

મંત્રી તરીકે તેમની ફરજ બજાવે છે અને અરજદારની જન્મનોંધ બાબતે **સને ૧૯૬૮ થી ૧૯૭૦ નુ રેકર્ડ** આંક –૮ થી તેમજ ફોર્મ નં. ૧૦ આંક –**૭** થી રજુ રાખેલ છે .

૩. આ કામે અરજદારને આંક– ૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમજ તેઓએ જણાવેલ છે કે તેમની **પુત્રી કાકડીયા રસીલાબેન મોહનભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ અરજદારના ઘરે ઈંગોરાળા મુકામે** થયેલ છે તેમજ તેમને સરકારી કામે તેમને જન્મના દાખલાની જરૂર પડેલ હોય. જેથી અરજદારે હાલની અરજી કરેલ છે. તેઓએ રસીલાબેનનુ વર્ષ શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર માર્ક **: ૩/૨** થી રજુ રાખેલ છે. તેમજ તેઓએ વર્તમાનપત્રમા કરેલ જન્મ નોંધની જાહેર પ્રસીધ્ધી બાબતે માર્ક **: ૫/૧** થી રજુ રાખેલ છે.

આ કામે આંક **: ૧૦** થી **જીવરાજભાઈ નારણભાઈ કાકડીયા** તેમજ આંક **: ૧૧** થી **વિઠ્ઠલભાઈ બચુભાઈ ગેલાણી**ને તેમજ આંક **: ૧૨** થી **ગેલાણી ભીખાભાઈ હરીભાઈ**નેતપાસેલા છે. તેઓએ અરજદારની **પુત્રી કાકડીયા રસીલાબેન મોહનભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ અરજદારના ઘરે ઈંગોરાળા મુકામે** થયેલ હોવાની અરજદારની આંક–૧ ની અરજીને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. તેમજ અરજદાર તરફે આંક– **૧૩** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

૪. આમ, અરજદાર તરફથી રજુ થયેલ પુરાવો અને દસ્તાવેજો પરથી **અરજદારની પુત્રી પુત્રી કાકડીયા રસીલાબેન મોહનભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ અરજદારના ઘરે ઈંગોરાળા મુકામે** તેઓના ઘરે થયેલ તેવુ ફલીત થાય છે. તેમજ સામાવાળા તરફે અરજદારના જન્મની નોંધ થયેલ નથી જેનો દાખલો આપેલ છે. તે મતલબની જુબાની આપેલ છે અને તે સાથે વધુમાં અરજદારના જન્મની નોંધ થયેલ ન હોવા અંગે આજદીન સુધી કોઈ વાંધો કે તકરાર કોઈપણ વ્યકિતએ અત્રેની અદાલતમાં રજુ કરેલ નથી તથા અરજદાર ને સરકારી – અર્ધ સરકારી કામ માટે જન્મનોંધના દાખલાની જરૂર હોય હાલની અરજીમાં અરજદાર તરફે રજુ કરેલ સમગ્ર પુરાવા પરથી અરજદારની અરજી મંજુર કરવાને પાત્ર થતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

(૧) અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) સામાવાળાને આથી એવો હુકમ કરવામાં આવે છે કે આ કામના **અરજદારની પુત્રી કાકડીયા રસીલાબેન મોહનભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ ના રોજ અરજદારના ઘરે ઈંગોરાળા** મુકામે થયેલ તેની નોંધ જન્મ રજીસ્ટરે નિયમ અનુસાર ફી તથા લેઈટ ફી લઈને કરી આપવી અને તે મુજબનો જન્મનો દાખલો આપવો.

આ હુકમ આજરોજ તારીખ : ૧૭ મી માર્ચ **સને : ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

Date : ૧૭/૦૩/૨૦૨૩

Place : Lathi

(G. S. Pawar)
Judicial Magistrate F.C.,
Lathi.
Code No : GJ01637